# ફી નિયમન સમિતિ (ટેકનીકલ), ગુજરાત રાજ્ય

**પાંચ બંગલા પાસે, નેશનલ પાર્ક સોસાયટી, પોલિટેકનીક પાછળ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.** • Website: www.frctech.ac.in • E-mail: frctechguj@gmail.com

## જાહેર નોટીસ

ફી નિયમન સમિતિ (ટેકનીકલ) દ્વારા ગુજરાત પ્રોફેશનલ ટેકનીકલ એજ્યુકેશનલ કોલેજીસ ઓર ઈન્સ્ટિટ્યુશન્સ (રેગ્યુલેશન ઓફ એડમિશન એન્ડ ફિક્સેશન ઓફ ફીસ) એક્ટ, ૨૦૦૭ અંતર્ગત ગુજરાત રાજ્યમાં સ્વનિર્ભર ધોરણે ચાલતાં વ્યાવસાયિક અભ્યાસક્રમોની શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫માં પ્રવેશ મેળવેલ અને શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ તથા ૨૦૧૬-૧૭માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટેની ફી જાહેર કરવામાં આવેલ છે.

સમિતિ દ્વારા નિર્ધારિત કરાયેલ ફીમાં ટ્યુશન ફી, લાયબ્રેરી ફી, લેબોરેટરી ફી, કોમ્પ્યુટર ફી, વગેરેનો સમાવેશ થાય છે. સમિતિ દ્વારા નિર્ધારિત ફી ઉપરાંત ફક્ત જે-તે યુનિવર્સિટીને ભરવાપાત્ર ફી સિવાય અન્ય કોઈપણ પ્રકારની ફી કોઈપણ સંસ્થા વિદ્યાર્થીઓ પાસેથી વસૂલ કરી શકશે નહીં તેમજ વિદ્યાર્થીઓએ પણ અન્ય કોઈપણ પ્રકારની ફી ભરવાની રહેશે નહીં. કોઈપણ સંસ્થા કે સંચાલક મંડળ કાયદા વિરુદ્ધની ફી વસૂલ કરતાં માલૂમ પડશે તો કાયદાની કલમ-૧૪ મુજબ દંડને પાત્ર થતા, સમિતિ દ્વારા આવી સંસ્થાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

તા. ૧૧-૨-૨૦૧૫ — મેમ્બર સેક્રેટરી